# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્ર:-**

**વિષય:- શૈક્ષણિક વર્ષ:૨૦૧૯-૨૦નાં ત્રીજા તથા પાંચમાં સેમેસ્ટરમાં કોલેજ ટ્રાન્સફર કરી પ્રવેશ મેળવવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/તમામ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ-બહેનોને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં કોલેજ ટ્રાન્સફર બાબતે માનનીય કુલપતિશ્રીનાં આદેશ અનુસાર કોલેજ ટ્રાન્સફર પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ તા.૦૪/૦૭/૨૦૧૯ સુધીમાં કોલેજ ટ્રાન્સફર કરવા અંગે જે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે. જે કોલેજમાં જગ્યાઓ ખાલી હોય તેમણે ઇન્ટેકની મર્યાદામાં પ્રવેશ આપવાનો રહેશે. કોલેજ છોડી અન્ય કોલેજમાં જવા માંગતા વિદ્યાર્થીઓને આચાર્યશ્રીએ સહકાર આપી ટ્રાન્સફરની મંજુરી આપવાની રહેશે. અન્યથા યુનિવર્સિટી દ્વારા કોલેજ ઉપર શિક્ષાત્મક પગલા લેવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓએ સ્ટુડન્ટ ટ્રાન્સફર ફોર્મ સાથે ટ્રાન્સફર સર્ટીફીકેટ (T.C.) અને અગાઉની દરેક માર્કશીટની નકલ (ALL PREVIOUS EXAM MARKSHEET) જોડવાની રહેશે. નિયત સમય-મર્યાદા બાદ આવેલ અરજી માટે વિદ્યાર્થી દીઠ રૂ.૫૦૦/- દંડાત્મક ફી લેવામાં આવશે જેની નોંધ લેવી. દંડાત્મક ફી સાથે તા.૧૦/૦૭/૨૦૧૯ અંતિમ તારીખ સુધી જ કોલેજ ટ્રાન્સફરની અરજી સ્વીકારવામાં આવશે ત્યારબાદ કોલેજ ટ્રાન્સફર માટે આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી જેની સર્વ સંબંધિતોએ નોંધ લેવી. સ્ટુડન્ટ ટ્રાન્સફર ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ **www.bknmu.edu.in** ઉપર મુકવામાં આવેલ છે.

**ખાસ નોંધ:-**

- અત્રેના પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડમિક/૬૬૨/૨૦૧૯, તા.૧૭/૦૬/૨૦૧૯નાં રોજ કોલેજ ટ્રાન્સફર બાબતે સેમેસ્ટર-૧ થી ૪ ની પરીક્ષા પાસ કરેલ હશે તોજ સેમેસ્ટર-૫માં પ્રવેશ આપી શકાશે તે બાબતનો પરિપત્ર રદ્દ ગણવો.
- સેમેસ્ટર-૧ થી ૪માં ATKT આવેલ વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૫માં પ્રવેશ આપી શકાશે. જેની તમામ કોલેજ/સંસ્થા તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

**નોંધ:-(૧) કોલેજમાં સંબંધિત વિષય ચલાવવામાં આવતા હોય તોજ ટ્રાન્સફર અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે.**

**(૨) સદરહું ટ્રાન્સફર અંગેની અરજી વિદ્યાર્થીઓ સાથે મોકલવી નહી અને કોલેજ દ્વારા જ પોતાના લેટરપેડ ઉપર સંપૂર્ણ વિગત સાથે જ મોકલવાની રહેશે.**

**(૩) દરેક કોલેજ/સંસ્થાએ જે-તે વર્ષની ઇન્ટેકની મર્યાદામાં જ ટ્રાન્સફર વિદ્યાર્થી સ્વીકારવા. ઇન્ટેકથી વધું વિદ્યાર્થી ટ્રાન્સફર માન્ય રહેશે નહી. જેની સર્વે સંસ્થાઓએ નોંધ લેવી.**

**જરૂરી સૂચનાઓ:**

(૧) આ પરિપત્ર દરેક કોલેજે પોતાના નોટીસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓનાં ધ્યાનમાં આવે તે રીતે મુકવાનો રહેશે.

(૨) કોલેજ ટ્રાન્સફર માટે કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી કોઇપણ પ્રકારની 'ફી' વસુલવાની રહેશે. નહી.

(૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં કોલેજ ટ્રાન્સફર કરવા ઇચ્છુક વિદ્યાર્થીએ N.O.C. (નો-ઓબ્જેકશન સર્ટીફિકેટ) મેળવવાનું રહેશે નહી. કોલેજ દ્વારા તેની માંગણી કરવી નહી.

**નોંધ:- તા.૧૦/૦૭/૨૦૧૯ પછી આવેલ અરજીઓ સ્વિકારવામાં આવશે નહી. જેની નોંધ લેવી.**

**ઇ.ચા.રજીસ્ટ્રાર**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૭૦૩/૨૦૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૨૬/૦૬/૨૦૧૯

**નકલ રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીનાં અંગત મદદનીશ.

(૨) આઇ.ટી.સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.